# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

-----------------------------------------------------------------------------------------

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં તારીખ ૨૩/06/૨૦૨૩ ના રોજ **સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ જીવાત નિયંત્રણ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રનાં વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની **સંશોધન તેમજ વિસ્તરણની** વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ સોયાબીન પાકમાં રોગ જીવાત નિયંત્રણ અંગે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. સી. જે. પટેલ** દ્વારા સોયાબીનની સુધારેલી ખેતી પદ્ધતિ, **શ્રી એસ. વી. રાઠોડ** દ્વારા સોયાબીન પાકમાં ખાતર વ્યવસ્થાપન, **ડૉ. એ. વાય. માકાણી** દ્વારાં સોયાબીનની નવીન જાતોની સમજણ અને **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રથમ હરોળનાં નિદર્શનની અગત્યતા જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત દાહોદ જિલ્લાના જુદા જુદા ગામનાં **૪૦** જેટલા ખેડૂતોને સોયાબીનની નવીન જાત **NRC 37**નું બિયારણ નિર્દશનના રૂપમાં આપવામાં આવ્યા. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.




